# <u>કૃષિ સંશોધન કેન્દ્ર આ.કૃ.યુ. ડેરોલ ખાતે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની મુલાકાત</u>

કૃષિ સંશોધન કેન્દ્ર આ.કૃ.યુ ડેરોલ ખાતે તા. ૨૧.૦૩.૨૦૨૪ ના રોજ ડેરોલ સ્ટેશન પ્રાથમિક શાળા, તાલુકો:- કાલોલ, જી:- પંચમહાલના કુલ ૧૫૦ વિદ્યાર્થીઓએ તેમજ ૫ શિક્ષકો દ્વારા અત્રેના કૃષિ સંશોધન કેન્દ્રની મુલાકાત લીધેલ હતી.

શાળામાં ચાલતી New Education Policy અંતર્ગત આણંદ કૃષિ યુનિવર્સીટી હસ્તક ના કૃષિ સંશોધન કેન્દ્ર, ડેરોલની મુલાકાત માટે તેમજ અત્રેના કેન્દ્ર ખાતે થતા વિવિધ સંશોધનો વિષે માહિતગાર થવા પ્રાયમરીમાં ભણતા વિદ્યાર્થીઓને કેન્દ્રની મુલાકાત કરાવેલ હતી.

મુલાકાત દરમ્યાન અત્રેના કેન્દ્રના શ્રી સી. બી. ડામોર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ), શ્રી જી. ડી. હડિયા. મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એન્ટો), ડૉ. આર. વી. હજારી, શ્રી આર. એલ. ચવધરી (સીનીયર રીસર્ચ આસીસ્ટન્ટ) અને શ્રી એ. જે. ઠાકોર, ખેતી મદદનીશ દ્વારા વિદ્યાર્થીઓને કેન્દ્ર ખાતે ચાલતી સંશોધનને લગતી વિવિધ કામગીરી વિષે તેમજ વિવિધ પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ વિષે માહિતગાર કરેલ હતા અને ફિલ્ડ વિઝીટ કરાવવામાં આવેલ હતી.








